શ્રી રામચંદ્ર મિશન

India ECHOES
ONE WORLD ONE HUMANITY



## પૂ.માસ્ટરની યાત્રા

### પૂ.માસ્ટરની મલેશીયાની મુલાકાત, ૨૨મી–૨૭મી જૂન, ૨૦૧૧

પૂ.માસ્ટર ૨૨મી જૂન, ૨૦૧૧ ની સાંજે સિંગાપુરથી મલેશીયા આવી પહોંચ્યા. તેમણે નવા મલેશીયન આશ્રમનું ઉદ્દઘાટન કરવા હવાઈઅડ્ડેથી સીધા કલાંગ તરફ પ્રયાણ કર્યું. અહીં આવવાથી માસ્ટર ખુશ હતા, તેમણે હાજર રહેલા લગભગ ૨૦૦ અભ્યાસીઓનું અભિવાદન કર્યું અને તરત સત્સંગ કરાવ્યો. તેમણે રાત્રી આશ્રમમાં પસાર કરી અને બીજા દિવસે સવારે, તેઓ આશ્રમથી ૧૦ મિનિટના અંતરે આવેલી પ્રિમીયર હૉટેલમાં પરિસંવાદના સ્થળે અભ્યાસીઓ સાથે જોડાયા. તેમની ઉંમરને ધ્યાનમાં રાખતા જેવી સગવડો જરૂરી હોય, તેવી સગવડો ન હોવા છતાં પૂ.માસ્ટરે અહીં જ રહેવાનું નક્કી કર્યું.

૨૩મીએ સાંજનો સત્સંગ પાંચ વાગે શરૂ થવાનું નિશ્ચિત થયું હતું, પણ માસ્ટર અભ્યાસીઓને મળવા આતુર હતા અને તેમને પરિસંવાદની વ્યવસ્થાઓનું નિરિક્ષણ કરવું હતું, તેથી તેઓ સાંજે ૪: ૧૫ કલાકે વિશાળ કક્ષમાં આવી ગયા . પૂ.માસ્ટરે સવાર અને સાંજના બધા સત્સંગો કરાવીને ભાગ લેનારાઓને ખુશ કરી દીધા અને લિફ્ટથી કક્ષ તરફ ચાલતા ચાલતા તેમણે બાળકોનું પ્રેમભર્યું અભિવાદન કર્યું.

પરિસંવાદ વાર્તાલાપો, બેઠકો અને સાંસ્કૃતિક કાર્યક્રમોથી સભર હતો. પરિસંવાદનો વિષય હતો, ‘‘એક હૃદય, એક માનવતા’’, જેના પર ભાઈ ક્રિષ્ના, સંતોષ કાનજી, કમલેશ પટેલ, કમ્બિઝ અને સતબીર, એમ પાંચ વક્તાઓએ અલગ અલગ દ્રષ્ટિકોણ રજૂ કર્યો અને તે સત્રને વિચારપ્રેરક અને સમૃધ્ધ બનાવ્યું. પૂ.માસ્ટર તે સત્રમાં વ્યક્તિગત રીતે ઉપસ્થિત રહ્યા.

૨૬મીના રોજ, રવિવારની સવારે પૂ.માસ્ટરે છેલ્લો સત્સંગ મલેશીયન આશ્રમમાં કરાવ્યો. તે દિવસે બધા મલેશીયન અભ્યાસીઓએ વ્યક્તિગત બેઠકો લીધી હતી. બીજા દિવસે, ૨૭મી જૂનની સવારે, પૂ.માસ્ટર ચેન્નાઈ જવા રવાના થયા.

પૂ.માસ્ટરની આ યાત્રા દરમ્યાનની ઔપચારિક વાતચીતોના થોડા અવતરણો:

- પૂ.માસ્ટરે કહ્યું કે તેઓ હંમેશા ખુશ રહે છે કારણ કે તેમને કોઈ પણ શંકાઓ કે ઈચ્છાઓ નથી– આ બંને વસ્તુઓ જ લોકોને દુઃખી કરે છે.
- જ્યારે એક અભ્યાસીએ માસ્ટરને લોકોને મળવા માટે તેમની ઉપલબ્ધતા વિષે પૂછ્યું, ત્યારે તેમણે ભારપૂર્વક જવાબ આપતા કહ્યું, ”હું દરેક સમયે પ્રવૃત્તિમાં રોકાયેલો હોઉં છું.’’
- બાબુજી મહારાજે કહ્યું છે કે માનવ જાત પ્રેમને જાણતી નથી. પ્રેમ સર્જન અને સર્જક વચ્ચે હોય છે, સર્જનો વચ્ચે નહીં. સર્જનો વચ્ચે જે છે, તે માત્ર અનુરાગ છે અને પરસ્પર આધારવૃત્તિ છે, જેને ખોટી રીતે પ્રેમ કહેવામાં આવે છે.
- દર્દ વિના કોઈ પ્રેમ કરી શકે નહીં. પ્રેમનો અર્થ જ દર્દ છે. જો દર્દ નથી, તો ત્યાં પ્રેમ નથી.
- પરમાનંદ એ જ એવી વસ્તુ છે કે જે આ દુનિયા સાથે જરા પણ સંકળાયેલી નથી, તે એક અવસ્થા છે. ખુશી અવસ્થા નથી, પણ એક અનુભવ છે, જેમ સુખ હોય છે. માતા અને તેના બાળક વચ્ચેના પ્રેમની જેમ પ્રેમ, એ વ્યક્તિ અને તેના સર્જક વચ્ચેના સંબંધોનો એક પ્રકાર છે.







## ચેન્નાઈ, ૨૭મી જૂનથી ૨૦મી જુલાઈ, ૨૦૧૧

ચેન્નાઈ હવાઈઅડ્ડા ઉપર મોટી સંખ્યામાં ઉપસ્થિત અભ્યાસીઓ દ્વારા પૂ.માસ્ટરનું સ્વાગત કરવામાં આવ્યું જ્યાંથી તેઓ સીધા માણપાક્કમ આશ્રમે ગયા. જ્યારે તેઓ તેમની કુટિરમાં પહોંચ્યા, ત્યારે તેમણે કહ્યું, "હું ઉર્જાના સ્ત્રોત સાથે જોડાયેલો હોવાનું અનુભવું છું અને હવે હું ફરીથી ઉર્જાથી સભર –ચાર્જડ– થયો છું."

થોડા દિવસો પહેલાં, ૧લી જુલાઈના રોજ, માસ્ટરે થોડા લગ્નો સંપન્ન કરવાના હતા ત્યારે પૂછ્યું, "આજે કોઈ લગ્નો સંપન્ન કરવાના છે?"ત્યારે તેમને જણાવવામાં આવ્યું કે લગ્નો આજે નહીં પણ શુક્રવારે રખાયેલા છે. પછી માસ્ટરે કહ્યું, "ઘણા સમયથી આપણે ધ્યાન કક્ષમાં સત્સંગ કર્યો નથી, ખરુંને?" અને તેમણે એમ પણ કહ્યું કે તેમને એક સત્સંગ કરાવવાની ઈચ્છા છે. તે અચાનક લેવાયેલો નિર્ણય હતો અને તેમણે તેમનું સવારનું બધું કામ પૂરું કરીને એટલે કે બે પ્રશિક્ષકોને તૈયાર કરીને, ઈ–મેઈલ જોઈને તથા નાસ્તો કરીને સત્સંગ માટે તૈયાર થઈ ગયા. આટલું બધું કરવાનું હોવાથી, શયનખંડથી કાર્યાલય વચ્ચે તેઓ ત્વરાથી ચાલતા હતા, તે જોવું એક લ્હાવો હતો.

એક સવારે, એક અભ્યાસી ભાઈ આવ્યા અને તેમણે માસ્ટરને જણાવ્યું કે તેમણે એક અગત્યની બેઠકમાં હાજરી આપવા બહાર જવું પડશે. માસ્ટરે તેમને વહેલા જવાનું જણાવ્યું અને કહ્યું કે મોડા જવા કરતાં વહેલા જવામાં જ હંમેશાં શાણપણ હોય છે."

એક મુલાકાતી યુગલે માસ્ટરને જણાવ્યું કે તેમણે એક બાળકને દત્તક લીધું છે. તેઓ આ સાંભળીને ઘણા ખુશ થયા અને કહ્યું,"જે લોકો બાળકોને દત્તક લે છે, તેઓ મને ગમે છે. આ દુનિયાના ઘણા બધા બાળકો ઘરબાર વિહોણા છે અને હું હંમેશાં દત્તક લેવાની પ્રવૃત્તિને ટેકો આપું છું. પણ, કોઈ પણ સંજોગોમાં તમારે બાળકને કહેવું જોઈએ નહીં કે તેને/તેણીને દત્તક લેવામાં આવ્યું છે. તેની બાળવયમાં તમારે તે કહેવું જોઈએ નહીં કારણકે કોઈ પણ પ્રકારે તે વાત બાળકના મનમાં નોંધાઈ જશે. દત્તક બાળકની સાથે તમારા પોતાના બાળકની જેમ વર્તો."પછીની ધ્યાનની બેઠકમાં તે યુગલ હાજર રહી શકે, તે માટે બાળકની સંભાળ કોઈ રાખી રહ્યું છે કે નહીં તેની તેમણે ખાતરી કરી.





## ગુરુ પૂર્ણિમા– શુક્રવાર, ૧૫મી જુલાઈ, ૨૦૧૧

પૂ.માસ્ટર સવારે ઘણા વહેલા તૈયાર થઈ ગયા અને પહેલા તેમણે આશ્રમમાં પૂર્ણ થયેલા નવા ઓડિટોરિયમ તથા પુસ્તકાલયના મકાનનું ઉદ્ઘાટન કર્યું. પછી, તેમણે ધ્યાન કક્ષ તરફ જવા પ્રયાણ કર્યું અને ૭:૦૦ વાગે તેઓ ધ્યાન કક્ષમાં સવારનો સત્સંગ કરાવવા હાજર થઈ ગયા. ધ્યાન કક્ષ સંપૂર્ણપણે ભરાઈ ગયો હતો અને આસપાસની ડોરમેટરિઓની અગાશીઓ પણ અભ્યાસીઓથી છલકાઈ ગઈ હતી.

સાંજના ભાઈ ગણેશે અને ભાઈ કુમારેશે ધ્યાન કક્ષમાં વાયોલીન વાદન રજૂ કર્યું. પૂ.માસ્ટરે શરૂઆતમાં આ કાર્યક્રમ સી.સી.ટી.વી દ્વારા નિહાળ્યો પણ કાર્યક્રમ મોહક અને રસીલો બનતા, તેઓ ધ્યાનકક્ષમાં આવ્યા અને તેથી અભ્યાસીઓ અને સંગીતકારો ખૂબ ખુશ થઈ ગયા. અભ્યાસીઓ સાથે પૂ.માસ્ટરને સંગીત માણતા જોવા, તે એક યાદગાર પ્રસંગ હતો. તે ખરેખર, એક પવિત્ર દિવસનું ભવ્ય સમાપન હતું.



માત્ર અંગત પ્રકાશન માટે જ

વર્ષ ૪, અંક ૫ સપ્ટેમ્બર ૨૦૧૧

શ્રી રામચંદ્ર મિશન

એકોઝ ન્યુઝલેટર





## તિરુપુર, ૨૬થી ૨૯ જુલાઈ ૨૦૧૧

જન્મજયંતિની ઉજવણી ૨૫મી જુલાઈના રોજ સમાપ્ત થઈ અને માસ્ટરે ૨૯મી જુલાઈ સુધી તિરુપુર ખાતે રોકાણ કરવાનું નક્કી કર્યું. દરેક અભ્યાસીની ઈચ્છા હતી કે પોતે પાછા ફરે, તે પહેલાં પૂ.માસ્ટરને મળે. આટલા મોટા ઉત્સવ બાદ પૂ.માસ્ટર થાકી ગયા હતા અને તેમને આરામની જરૂર હતી, છતાં તેમણે શારીરિક રીતે શક્ય હોય, તેટલો સમય અભ્યાસીઓને મળવામાં વિતાવ્યો. એક ખૂબ વ્યાપક નિવેદનમાં માસ્ટરે કહ્યું, "જે સૌને હું મળી રહ્યો છું અને જે સૌને હું મળ્યો નથી, તે સૌને જેટલું આપવાનું મારાથી શક્ય હોય, તે બધું જ હું આપી ચૂક્યો છું."

અભ્યાસીઓના એક જૂથને માસ્ટરે કહ્યું, "જ્યારે તમે આવા ભંડારામાં આવો, ત્યારે થોડા વધારે દિવસો રહો અને પાછા ફરવાની ઉતાવળ કરો નહીં, ધીમા પડો, હળવા થાવ અને નિરાંતથી રહો અને તમારાથી શક્ય હોય તેટલું વધારે લાંબુ આ વાતાવરણમાં રહો." વાતાવરણ વિષે વાત કરતા એક અભ્યાસીએ કહ્યું કે આ તંબૂઓને ઉખેડાતા જોઈને અને જગ્યાને ખાલી થતા જોઈને અમને ખૂબ દુઃખ થાય છે, ત્યારે માસ્ટરે કહ્યું, "૨૪મીની સાંજથી જ, જેવા અભ્યાસીઓના પ્રથમ જૂથે પાછા જવાનું શરૂ કર્યું, ત્યારથી જ હું પણ આ લાગણી અનુભવી રહ્યો છું."

જ્યારે એક અભ્યાસીએ ઉત્સવ દરમિયાન પોતાને કામ કરવાની તક આપવા બદલ માસ્ટરનો આભાર માન્યો, ત્યારે તેમણે જવાબ આપ્યો, "જે કામ કરવા રાજી છે, તેને કામ શોધતું આવે છે."

## ચેન્નાઈ–૨૯મી જુલાઈ ૨૦૧૧ થી ૧૫ ઑગસ્ટ ૨૦૧૧

૨૯મી જુલાઈના રોજ ચેન્નાઈમાં માસ્ટરનું આગમન થયું. તેઓ સીધા જ માણપાક્કમ આશ્રમ ગયા. તેમના આગમન સાથે જ તેમનું રોજિંદુ કામકાજ શરૂ થઈ ગયું.

સહજ માર્ગના ઈતિહાસ ઉપર બોલવા માટેની એક નવી પરિયોજનામાં પૂ.માસ્ટર વ્યસ્ત થઈ ગયા છે. તેમણે તિરુપુર ખાતે નિવેદન કર્યું હતું કે, "જ્યાં સુધી કોઈ જીવિત છે, ત્યાં સુધી આપણે વિગતમાં જવા માગતા નથી અને ઘણી બધી વિગતો તો સદાને માટે નષ્ટ પામી ચૂકી છે." તેમણે કેટલાક અભ્યાસીઓ દ્વારા વિવિધ દેશોમાં સહજ માર્ગના ઈતિહાસને એકત્રિત કરવાની પહેલને બીરદાવી. યુરોપમાં સહજ માર્ગના ઈતિહાસ માટે કેટલાક યુરોપવાસીઓએ પૂ.માસ્ટરનો ઈન્ટરવ્યુ લીધો. તેઓ ૨જીથી ૫મી ઑગસ્ટ સુધી ગાયત્રી ખાતે રહ્યા અને ૬ઠ્ઠીના સવારે મણપાક્કમ પાછા ફર્યા.

૨જી ઑગસ્ટના રોજ, તેમણે લગભગ ૧૫૦ જેટલા વિદેશી અભ્યાસીઓને "ગાયત્રી" ઉપર રાત્રીના ભોજન માટે આમંત્રિત કર્યા. માસ્ટરનો પરિવાર એક પારંગત યજમાન છે અને દરેકે ભોજન બરોબર લીધું છે કે નહીં, તેની ખાતરી પરિવારજનો કરતા હતા. પૂ.માસ્ટર ઉપરની ઉંમરની અસરને નિહાળી શકાય એમ છે. તેમને ખુરશી ઉપર બેસતા કે ઊભા થતા તકલીફ પડે છે, અને તેમને આમાંથી પસાર થતા જોવું તે અત્યંત કઠિન છે. એક વખતે તો માસ્ટરને ખુરશીમાંથી ઊભા થવા માટે માટે ભારે જહેમત કરવી પડી અને કોઈ અભ્યાસીએ તેમને મદદ કરવા કોશીશ પણ કરી પણ તેમને મદદ નહોતી જોઈતી; તેમણે પ્રયાસ કર્યો અને પોતાની જાતે જ ઊભા થયા.

જ્યારે પૂ.માસ્ટર ૬ઠ્ઠી ઑગસ્ટે મણપાક્કમ પાછા આવ્યા, ત્યારે મુંબઈથી આવેલા અભ્યાસીઓના એક જૂથે તેમને એક નવી જમીન પરિયોજનાને વિસ્તારપૂર્વક સમજાવી. પૂ.માસ્ટર વિગતો જાણવા માટે અતિ ઉત્સુક હતા. જ્યારે એક અભ્યાસી ભાઈએ દર્શાવ્યું કે "પરિયોજના હજી અર્ધે રસ્તે જ છે, પૂર્ણ થઈ નથી," ત્યારે માસ્ટરે એક હિંદી કહેવતનો ઉલ્લેખ કર્યો, કે "જ્યારે હાથીની સૂંઢ દેખાતી હોય, ત્યારે તેની પૂંછડી તો અવશ્ય આવવાની જ છે."

એક રાત્રીએ ભોજન બાદ, એક બહેને માસ્ટરને સમય ફાળવવા વિનંતી કરી અને તેમણે કહ્યું,"તમે જોઈ શકો છો કે હું ઘણો થાકી ગયો છું, તમારે જોવું જોઈએ કે મને શું થાય છે. તે પછી તમારી વિનંતીઓ કરો." તે આપણા બધાને શીખવા માટેનો એક પદાર્થપાઠ હતો.

માસ્ટરે રસ લેવા વિષે વાત કરી,"કોઈ પણ ક્ષેત્રમાં, પહેલું કદમ રસ લેવો તે છે, આ જ બાબુજીએ સહજ માર્ગ માટે પણ કહ્યું છે કે રસ લેવો જોઈએ." તેમણે કહ્યું કે આપણે માટે રસ લેવાનો મતલબ છે કે આપણે પોતાની જાતને તેનો હિસ્સો બનાવી દેવી, જેનો અર્થ એ છે કે માસ્ટર, મિશન અને પધ્ધતિને આપણા પોતાના કરી દઈએ.

પૂ.માસ્ટરે મણપાક્કમ આશ્રમ ખાતે, ૧૩થી ૧૫ ઑગસ્ટ દરમ્યાન થઈ રહેલા સી.આઈ.સી/ઝેડ.આઈ.સી સંમેલનમાં હાજરી આપીને અને ઉદઘાટન તેમજ સમાપન સત્રમાં આશિર્વચન આપ્યા.

સ્વતંત્રતા દિનને પ્રસંગે, ભાઈ એ.પી. દુરાઈએ મણપાક્કમ આશ્રમ ખાતે ધ્યાનકક્ષની સામે આશરે ૧૫૦ જેટલા અભ્યાસીઓ અને બાળકોની હાજરીમાં ધ્વજવંદન કર્યું

૧૬મીની સવારે મિશનની જમીનની નોંધણીમાં હાજર રહેવા પૂ.માસ્ટર દિલ્હી જવા રવાના થયા. પછી, ૧૮મીના રોજ એક નવી પરિયોજના માટેની જમીનની નોંધણી માટે તેમણે હૈદરાબાદ તરફ પ્રયાણ કર્યું.

વર્ષ ૪, અંક ૫ સપ્ટેમ્બર ૨૦૧૧
શ્રી રામચંદ્ર મિશન
એકોઝ ન્યુઝલેટર





## દક્ષિણ ઝોન માટે સીઆઈસી–ઝેડઆઈસીની વર્કશોપ, ૧૩ થી ૧૫ ઓગસ્ટ, ચેન્નાઈ.

મણપાક્કમમાં આંધ્રપ્રદેશ, કર્ણાટક, કેરાલા અને તામિલનાડુમાંના ઝેડઆઈસી/ સીઆઈસી માટે ઓગસ્ટની ૧૩ થી ૧૫ તારીખ દરમિયાન એક વર્કશોપનું સંચાલન કરવામાં આવ્યું હતું. સેમિનારની શરૂઆત પૂ.માસ્ટરે આપેલી બેઠકથી થઈ હતી, એ પછી તેમણે એક વક્તવ્ય આપ્યું હતું. એમના વક્તવ્યમાં માસ્ટરે એ વાત પર ભાર આપ્યો હતો કે પ્રશિક્ષકો મિશનની રક્તવાહીનીની ધમનીઓ છે અને તેઓ માસ્ટરના કાર્યને આગળ લઈ જાય છે. તેઓ એ વાત પણ ધ્યાનમાં લાવ્યા હતા કે પૂ.બાબુજીએ દક્ષિણમાં આવીને જે પ્રાણાહુતિ આપી હતી, તેનાં ફળ વીસ વર્ષ પછી આપણે જોઈ શકીએ છીએ. તેમણે કહ્યું હતું કે પ્રશિક્ષકોએ કાર્યને ગંભીરતાપૂર્વક લેવું જોઈએ અને તેમની સેવાઓ એમણે નિષ્ઠાપૂર્વક આપવી જોઈએ. જો તેઓ એ રીતે કરે, તો તેમને માસ્ટર જેવા બનવાની તક હંમેશાં મળે છે.

આ પછી ભાઈ ક્રિષ્નાએ તેમના વક્તવ્યમાં જીએસટી (ગ્લોબલ સર્વિસ ટીમ) નો પરિચય આપતાં કહ્યું હતું કે પ્રશિક્ષકોએ આધ્યાત્મિક કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ કારણ કે એ એમની પ્રાથમિક ફરજ છે અને વહીવટી કાર્ય એમણે સ્વયંસેવકોને સોંપવું જોઈએ. તેમણે પાયાના કાર્યોની રજૂઆત કરી અને ત્યાર બાદ પ્રશ્નોત્તરનું સત્ર હતું. કાર્યક્રમ બનાવવા માટે, તાલિમ આપવા માટે, સમાજ રચના માટે, સભ્યોની સેવા માટે, સ્થાવર મિલકત માટે, વહીવટ ચલાવવા માટે અને સતત સુધારણા માટે વિવિધ ટીમો કામ કરતી હતી. જુદા જુદા ઝેડઆઈસી અને સીઆઈસી પોતપોતાનાં સેન્ટરોમાં આ સેવાઓને કેવીરીતે અમલમાં મૂકશે, તેની યોજના માટે તેઓ મોડે સુધી કાર્ય કરતા હતા.

છેલ્લા દિવસે ભાઈ રાજગોપાલને પ્રશિક્ષકોએ આ કાર્ય કેવીરીતે પાર પાડવું જોઈએ એ માટે ભારપૂર્વક કહ્યું હતું. તેમણે બધા ઝોન અને મુખ્ય સેન્ટરોને જણાવ્યું હતું કે તેમણે આવતા એક વર્ષના કાર્ય માટેની યોજનાની રજૂઆત કરવી. પૂ.માસ્ટરે વક્તવ્યથી સેમિનારનું સમાપન કર્યું અને કહ્યું કે સૌ પ્રથમ આપણે આપણામાં પરિવર્તન લાવીને સારા માનવી બનવું જોઈએ. તેમણે કહ્યું કે તમે બધા જીએસટી માટે છો, તો હું આઈએસઆઈ છું _ વ્યક્તિગત સેવા કરતી વ્યક્તિ (ઈન્ડીવીજ્યુઅલ સર્વીંગ ઈન્ડીવીજ્યુઅલ). માનવી બનો, તમારી સામેની વ્યક્તિને ખૂબ જ પ્રેમપૂર્વક સ્વીકારો અને હૃદયપૂર્વક સેવા આપો. જ્યારે તમે નિર્મળ હશો, માત્ર ત્યારે જ તમે વધારે સારી સેવા આપી શકશો. તમે અભ્યાસીનું ધ્યાન રાખો, 'તેઓ' તમારું ધ્યાન રાખશે.

## આફ્રિકાથી આવેલા અભ્યાસીઓ માટે સેમિનાર

તારીખ ૧૬ થી ૨૨ સુધી મણપાક્કમમાં આફ્રિકાથી આવેલા લગભગ ૬૦ અભ્યાસીઓનો પહેલો સેમિનાર થયો અને પછી તેને તિરુપુરમાં આગળ વધારવામાં આવ્યો હતો. વાર્તાલાપો, વ્યક્તિગત બેઠકો, સત્સંગો અને વર્કશોપ સાથેનો તથા આફ્રિકન ભાઈઓ અને બહેનોની આવશ્યકતાઓ અને જરૂરિયાતોને પૂરી કરવા માટેનો આ એક અઠવાડિયાનો ઘનિષ્ટ તાલિમ કાર્યક્રમ હતો. મોટાભાગના પ્રતિનિધિઓએ તેઓ ભારતની મુલાકાત લઈ શકે અને પહેલીવાર માસ્ટરને મળી શકે, એ માટે મહિનાઓથી બચત ભેગી કરી હતી. ૧૬મી તારીખે, પૂ.માસ્ટરે વક્તવ્ય આપ્યું હતું અને સત્સંગ કરાવ્યો હતો. બધાને એમના ભાષણથી પ્રેરણા મળી હતી, જેનો હેતુ આફ્રિકન લોકો માટે હતો પણ બેશક સમગ્ર માનવ સમાજ પર પણ એની અસર પડશે.

એમણે કહ્યું હતું કે એવું નથી કે માત્ર દેશો જ 'અંધકારમય' છે પણ લોકોનાં હૃદયો પણ અંધકારમય છે; આદિવાસી પ્રણાલિકાઓ, અંધશ્રધ્ધાઓ વગેરેને સંપૂર્ણપણે નાબૂદ કરવાની જરૂર છે. તેમણે હાજર રહેલાઓને નીડરપણે કાર્ય કરવાનો પડકાર લેવા માટે અને એમના લોકોનાં હૃદયમાં 'પ્રકાશ' લાવવા માટે કાર્ય કરવા કહ્યું હતું . કોઈ પણ પ્રકારનું પરિવર્તન સર્જવા માટેનો એકમાત્ર માર્ગ લોકોના રૂપાંતરણમાં છે, સંયુક્ત વિશ્વ સર્જવામાં છે અને સંયુક્ત માનવતામાં છે.

'વિવિધતામાં એકતા' પર ભાઈ ક્રિષ્નાનું વક્તવ્ય, ભાઈ રાજગોપાલને આપેલી સહજમાર્ગની અદ્વિતિયતાની જાણકારી અને ભાઈ એ. પી. દુરાઈએ ભૂમિકાઓ અને જવાબદારીઓ ઉપર જે વાત કરી, તે ઉત્સાહવર્ધક અને પ્રેરક હતી.

પરિસંવાદમાં મોટાભાગના ભાગ લેનારાઓએ બસ મારફતે મણપાક્કમથી તિરુપુર જવા રોડમાર્ગે મુસાફરી કરી હતી. પૂ.માસ્ટરના માર્ગદર્શનના મુજબ, તેઓ બપોરના ભોજન માટે નેત્રમપલ્લી આશ્રમ ખાતે રોકાયા હતા અને નાસ્તાપાણી માટે ક્રિષ્નાગિરિ આશ્રમ ખાતે રોકાયા હતા. ભાઈઓ અને બહેનોને પ્રેમ સહિત જમાડવામાં આવ્યા હતા. આ આશ્રમોને જોવાનો





અનુભવ ભાગ લેનારાઓ માટે ખૂબ જ શિક્ષણ આપનારો હતો.

તિરુપુરમાં ભાઈ જેમ્સ અને ભાઈ માઈકલે વક્તવ્યો આપ્યાં. પૂ.માસ્ટરે એમના સમાપન વક્તવ્યમાં કહ્યું,''આપણી ભાષાઓ જુદી છે પણ આપણી વચ્ચે પ્રેમ હોય, ત્યારે ભાષાની કોઈ સમસ્યા નડતી નથી. આંખો બોલતી હોય છે. ખરું ને?... માટે ચાલો આપણે માનવી જ બની રહીએ અને ઈશ્વરે આપણને જે આપ્યું છે, એનો આનંદ માણીએ. માનવતાનો અર્થ છે, એકબીજા પ્રત્યે પ્રેમ રાખવો, અરસપરસ વહેંચવું અને એકબીજાની પરવા કરવી અને સૌથી વધારે, કેક કાપી નાખવી નહીં એટલે કે માનવતાની કેક. વ્યવહારમાં પણ આ આવવું જ જોઈએ, માત્ર નિયમોમાં નહીં. એ યાદ રાખવું જોઈએ કે ઈશ્વર આપણને 'એમની' ભાષા મારફતે કહે છે. 'એમની' ભાષા એટલે કઈ? મૌન. હૃદયથી હૃદય સુધી, મગજથી મગજ સુધી નહીં.''

દરેક અભ્યાસીઓ પરિસંવાદ પછી પાછા ફર્યા ત્યારે તેમનું હૃદય છલોછલ ભરાયેલું હતું. પૂ.માસ્ટરના સંદેશને હૃદયમાં કંડારી લઈ, તેને વિકસાવવી, ચમકાવી દરેક માનવીને આ પ્રકાશનો સ્પર્શ કરાવવા માટે તેઓ કટિબધ્ધ હતા.

## પૂ.માસ્ટરનો જન્મોત્સવ

### ભારતનાં સેન્ટરોમાં

કોલકાતામાં લગભગ ૨૭૫ અભ્યાસીઓ અને બાળકો કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. તેમણે પ્રેમપૂર્વક ભજનો ગાયા હતા અને નાસ્તો કર્યા પછી, હિંદીમાં શિસ્ત પર માસ્ટરનું ભાષણ સંભળાવવામાં આવ્યું હતું. ત્યાર પછી, માસ્ટરના વિદેશના પ્રવાસ દરમિયાન લેવામાં આવેલા તસવીરોની ડીવીડી બતાવવામાં આવી હતી. સાધનાનાં વિવિધ પાસાંઓ પર પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા, જેના જવાબ નવા જોડાયેલા અભ્યાસીઓએ પણ ઉત્સાહપૂર્વક આપ્યા હતા. માસ્ટરના જીવન પર આધારિત 'ડાઉન મેમરી લેન' માંથી ક્વીઝનું સંચાલન કરવામાં આવ્યું હતું. બપોરના ભોજન પછી સાંજના સત્સંગ સુધીનો સમય બધા જ અભ્યાસીઓએ આધ્યાત્મિક વાતાવરણ ગ્રહણ કરીને, મૌન રહીને આત્મ નિરીક્ષણ કરવામાં ગાળ્યો હતો.

જોધપુરમાં, લગભગ ૧૯૦ અભ્યાસીઓ અને બાળકોએ ત્રણ દિવસના કાર્યક્રમમાં હાજરી આપી હતી. ધ્યાન ખંડની સફાઈ કરવામાં આવી હતી અને તેને આકર્ષક રીતે શણગારવામાં આવ્યો હતો. પ્રેમ અને ભક્તિપૂર્વક ભજનો ગાવામાં આવ્યાં હતાં. સાધનાનાં વિવિધ પાસાંઓ પર બાળકોએ નાટિકાઓ ભજવી હતી. પૂ.માસ્ટરનાં વક્તવ્યોની ડીવીડી મૂકવામાં આવી હતી. બધા જ અભ્યાસીઓએ વાસ્તવિક જીવનની પરિસ્થિતિઓની એ વાતો કરીને માસ્ટર પ્રત્યેની પોતાની કૃતજ્ઞતા દર્શાવી હતી કે જેમાં પોતાના જીવનનું પરિવર્તન લાવવામાં માસ્ટરની ભૂમિકાનો એમને અનુભવ થયો હતો. અભ્યાસીઓ નવચેતન પામીને એ સંદેશ સાથે પાછા ગયા હતા કે ભક્તિ, શ્રધ્ધા અને શરણાગતિ એમને જીવનમાં આવતી મુશ્કેલીઓ અને પડકારોનો સામનો કરવામાં શક્તિ આપશે.

ભીલવાડા ખાતે, વિષય હતો 'પ્રેમમાં શિસ્ત'. દિવાલો પર માસ્ટરનાં કથનોનાં પોસ્ટરો લગાડવામાં આવ્યાં હતાં. સવારના સત્સંગ પછી, ભજનો, એક નાટક અને ડીવીડીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

જયપુરમાં, સાધનાનાં વિવિધ પાસાંઓ પર ભાષણો અને ચર્ચાઓ રાખવામાં આવી હતી અને ત્યાર પછી બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જે હાજર રહેલા દરેકના હૃદયને સ્પર્શી ગયો હતો. લગભગ ૩૦૦ અભ્યાસીઓ અને બાળકોએ ત્રણ દિવસના આ કાર્યક્રમમાં હાજરી આપી હતી.


જોધપુર


જયપુર



## સેવાનું મહત્ત્વ

૧૦મી જાન્યુઆરી, ૨૦૧૦ના રોજ જ્યારે પૂ.માસ્ટર મિશનના કાર્યકર્તાઓને સંબોધતા હતા, ત્યારે તેમણે કહ્યું હતું, ''ગુરુજીને પ્રેમ કરવો અઘરો છે, પણ અશક્ય નથી.'' વર્ષો પહેલાં તેમના ગુરુજી, બાબુજી મહારાજે તેમને જે શિખવ્યું હતું, તે તેઓ વારંવાર કહે છે કે પ્રેમ એવી વસ્તુ છે કે જેના વિષે આપણે કશું જ જાણતા નથી. ફક્ત સેવા દ્વારા જ માનવી પ્રેમનો વિકાસ કરી શકે છે.

## સ્વયંસેવકોની નોંધણી

એ જોઈ શકાતું હતું કે ખૂબજ મોટા પ્રમાણમાં સ્વયંસેવકો નોંધણી ટેબલ તરફ આવતા હતા. સંરક્ષણ, રસોઈ, ભોજનાલય હોલ, કેન્ટીન, સેનીટેશન, ધ્યાન કક્ષ, સ્વાસ્થ્ય, વાહન વ્યવહાર, હાઉસ કીપીંગની સાથે ના મોટાભાગના બધાજ વિભાગોમાં માનવ શક્તિનો અભાવ જણાતો ન હતો. આ સમય દરમિયાન અભ્યાસીઓને મદદ કરવા અને તેમની સગવડો સાચવવા માટે તિરુપુર અને તેની આજુબાજુના કેન્દ્રોના અભ્યાસીઓએ અવિરત કામ કર્યું હતું.

## ઉત્સવનો અનુભવ

ઉત્સવની જગ્યાની મુલાકાત લેવા અને જગ્યા તૈયાર કરવા માટે બે મહિના અગાઉથી ભારતના વિવિધ ભાગોમાંથી ઉત્સાહી સ્વયંસેવકો આવતા જોવા મળતા હતા.

- જૂનના પહેલા અઠવાડિયામાં કેરાલાના અભ્યાસીઓ સફાઈમાં એટલે કે ખેતરોમાંથી બિનજરૂરી કચરો દૂર કરવામાં, માસ્ટર કોટેજની સામે વરસાદી પાણીનો નિકાલ કરવા, ગટરલાઈન બનાવવા અને બાંધકામની ઈંટો અને બીજી વસ્તુઓ લાવવા માટે જોડાયા. તેઓએ રસોડામાં અને શૌચાલયો સાફ કરવામાં પણ મદદ કરી.
- જુલાઈના પહેલા અઠવાડિયામાં ગુજરાતના સ્વયંસેવકો આ પ્રવૃત્તિઓમાં જોડાયા. વાતાવરણમાં પરિવર્તન જણાતું હતું અને તે



સાથે સ્વયંસેવકોમાં પણ આંતરિક પરિવર્તન જણાતું હતું.
- આંધ્રપ્રદેશના સ્વયંસેવકો ગુરુપૂર્ણિમા પહેલાં તિરુપુર પહોંચ્યા હતા. બધા જ પોતાની ફરજોને વળગી રહ્યા હતા અને કેટલાંક તો માસ્ટરના દર્શન માટે ધ્યાન કક્ષમાં પણ આવી શક્યા નહતા.
- તામિલનાડુના તિરુવન્નામલાઈ, વેલ્લૂર, ઈરોડ અને તિરુપુરના સ્વયંસેવકોએ ધ્યાન કક્ષમાંથી પથ્થરો દૂર કર્યા હતા અને ત્યારબાદ જાજમ બીછાવી હતી અને મંચ નજીકનો કચરો સાફ કર્યો હતો. સંપૂર્ણ મૌન અને સર્જાયેલી આધ્યાત્મિક અવસ્થાથી જે અનુભવ થયો હતો, તે ભૂલી ન શકાય તેવો હતો.
- કર્ણાટકના સ્વયંસેવકોએ વાહન વ્યવહારની વ્યવસ્થા સંભાળી હતી અને ઉત્સવના એક મહિના અગાઉથી શનિ રવિ દરમિયાન તિરુપુરની મુલાકાત માટે બસ સ્ટેશન બનાવ્યું હતું. ઉત્સવ દરમિયાન તેઓ ભોજનાલય, સુરક્ષા, બાળ કેંન્દ્ર, ધ્યાન ખંડ, નોંધણી કેંન્દ્રમાં અને બીજી જગ્યાઓએ કામ કરતા જોવા મળ્યા હતા.

## કાર્યનું વાતાવરણ

દરેક વસ્તુ તેની જાતે જ ગોઠવાતી જતી લાગતી હતી, કારણકે સ્વયંસેવકો ગુરુજીના હાથના કેવળ સાધનો હતા. સ્વયંસેવકોને સાદા જીવનનું મહત્ત્વ સમજાયું. તેઓ દેશના વિવિધ ભાગોમાંથી આવતા હોવા છતાં તેમની વચ્ચે પ્રેમનું બંધન અને ભાઈચારાની લાગણી હતી. દિવસ રાત કામ કરવા છતાં તેમની કામ કરવાની ઉર્જામાં અને ઉત્સાહમાં જરા પણ ઘટાડો થયો ન હતો.

## સહજ પિકનીક – અજમેર, રાજસ્થાન



૧૦મી જૂલાઈ, ૨૦૧૧ ના રોજ, સત્સંગ પછી, અજમેર અને કિશનગઢના અભ્યાસીઓ પિકનીક માટે પુષ્કર ગયા હતા. લગભગ ૬૦ અભ્યાસીઓએ એક અભ્યાસીના ફાર્મ હાઉસમાં દિવસ વીતાવ્યો. સહજ માર્ગના મૂળભૂત અભ્યાસ ઉપર વાતચીતની આપ-લે કરવા સાથે કાર્યક્રમની શરૂઆત થઈ હતી. ભાઈઓ અને બહેનોએ અભ્યાસને લગતા તેમના અનુભવો એકબીજાને જણાવ્યા હતા. ચર્ચા પછી ભાગ લેનારાઓએ અનુભવ્યું કે તેમની ઘણી બધી શંકાઓનું સ્પષ્ટીકરણ થયું હતું અને આધ્યાત્મિક જીવનના ઊંડા પાસાઓને તેઓ સમજ્યા હતા. બાળકોએ અસરકારક રીતે સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. સાંજના સત્સંગ સાથે કાર્યક્રમ પૂરો થયો હતો.

વર્ષ ૪, અંક ૫ સપ્ટેમ્બર ૨૦૧૧
શ્રી રામચંદ્ર મિશન
એકોઝ ન્યુઝલેટર



## યુવા કાર્યક્રમ – કોલકતા

૧૪ અને ૧૫મી ઓગષ્ટ, ૨૦૧૧ ના રોજ બે દિવસનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં ૨૮ થી ૩૦ વર્ષની વચ્ચેની ઉંમરના ૨૬ ઉત્સાહી યુવાઓએ ભાગ લીધો હતો. શરૂઆતના સંક્ષિપ્ત પરિચયાત્મક કાર્યક્રમમાં ભાગ લેનારાઓએ તેમના ભંડારા દરમિયાનના અનુભવોનું આદાન–પ્રદાન કર્યું. ચર્ચા દરમિયાન સૌ સહમત થયા કે ભંડારામાંથી પાછા ફર્યા બાદ સામાન્યરીતે પ્રેરણા મજબૂત હોય છે. આ પરિવર્તનને કાયમી બનાવવું, તે દરેકના પોતાના પર હોય છે.

સાંજના સત્સંગ પછી બધાએ બાસ્કેટબોલની રમતમાં ભાગ લીધો અને જમ્યા પછી ચલચિત્ર નિહાળ્યું.

બીજા દિવસે, વાર્તા આધારિત કાર્યક્રમથી સભાની શરૂઆત થઈ, જેમાં સૌને પ્રોત્સાહિત કરવામાં આવ્યા કે જેથી તેઓ વિચારે કે સારું અને આનંદદાયક વચ્ચે શું તફાવત છે, આનંદદાયક પરિબળ શું છે, તે ઉત્સુકતાથી જાણવાનું કારણ શું છે અને લાંબાગાળે તે પરિબળ દુ:ખ દાયક શા માટે હોય છે.

'જીવન અવકાશ' નામનો કાર્યક્રમ ખૂબ જ અસરકારક રહ્યો, જેમાં રોજીંદા જીવનમાં આપણે જે વિવિધ અવકાશ આપણી અંદર લઈને ફરીએ છીએ, તે અવકાશના સભ્ય તરીકે કેવી રીતે વર્તીએ છીએ, તે બહાર લાવવાનો પ્રયત્ન થયો. જૂથોએ આ, નાટિકાઓ સ્વરૂપે રજૂ કર્યું. આ પ્રવૃત્તિમાં રમૂજ અને હાસ્ય હતું અને વ્યક્તિત્વ તથા આપણા આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોને આપણા અસ્તિત્વની દરેક જગ્યાએ લાવવાની જરૂરિયાતને એક કરવાના મહત્ત્વને દર્શાવતું હતું.

ભાગ લેનારાઓ માટે જરૂરી હતું કે તેઓ પોતાની સાધનામાં અનિયમિતતાના કારણોને તપાસે અને આ અવરોધોને પાર કરીને તેઓ કેવી રીતે બહાર આવી શકે, તેનું આત્મનિરીક્ષણ કરે અને મૂલ્યાંકન કરે.

આ સેમિનાર દરમિયાન બધાજ પોતાની વ્યક્તિગત સાધના પ્રત્યે ધ્યાન આપવા માટે અને પોતાના રોજીંદા જીવનમાં સ્વયં અનુશાસન જાળવવાના ઈરાદાને ઠસાવવા માટે પ્રોત્સાહિત થયા હતાં.

## યુવા પરિસંવાદ – ગાઝીયાબાદ

૧૦મી જૂન, ૨૦૧૧ ના રોજ ગાઝીયાબાદમાં યુવા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. લગભગ ૫૦ અભ્યાસીઓએ, હયાત ગુરુજીની ભૂમિકા અને જરૂરિયાત વિષે ચર્ચા કરી હતી. આપણા ગુરુઓ અને મિશનના ઈતિહાસની વિવિધ સત્ય ઘટનાઓ રજૂ કરવામાં આવી હતી. બીજા કેન્દ્રોની યુવાઓની પ્રવૃત્તિઓ પણ દર્શાવવામાં આવી હતી. સહજ માર્ગની સાચી પધ્ધતિ અને ખાસ કરીને સફાઈ વિષે ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. સ્વૈચ્છિક કાર્યનું મહત્ત્વ અને તેને કરવાની રીત ઉપર ખૂબજ અસરકારક પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું. આશ્રમનું કામકાજ નિયમિતપણે સંભાળવાની સ્વૈચ્છિક સેવાની જરૂરિયાતવાળા વિભાગો ઉપર ચર્ચા કરવામાં આવી. યુવાઓ આશ્રમની વ્યવસ્થામાં પોતાની ભૂમિકા સમજ્યા અને તેઓએ નિયમિતપણે સ્વૈચ્છિક સેવાઓ આપવાની તૈયારી બતાવી.


## એકોઝ ન્યુઝલેટર ઉપર પ્રશ્નોત્તરી

૧૫મી ઓગષ્ટના રોજ, ગુજરાતના જામનગર ખાતે એકોઝ ન્યુઝ લેટર ઉપર પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. હેતુલક્ષી પ્રશ્નોના જવાબો આપવા માટે ત્રીસ મિનિટ આપવામાં આવી હતી. અસરકારક રીતે ભાગ લઈ શકે તે માટે ભાગ લેનારાઓને હરિફાઈની ૨૦ મિનિટ પહેલાં એકોઝ ન્યુઝ લેટર વાંચવાની તક આપવામાં આવી હતી. લગભગ ૨૦ અભ્યાસીઓએ ભાગ લીધો હતો. દરેક સાચા જવાબને પાંચ ગુણથી નવાજવામાં આવ્યા હતા અને ખોટા જવાબને પાંચ ગુણ ઓછા આપવામાં આવ્યા હતા. ભાઈ અનુજ અને ભાઈ એ. આર. છત્રીવાલા અનુક્રમે પહેલું અને બીજું ઈનામ જીત્યા હતા. આ કાર્યક્રમનો હેતુ અભ્યાસીઓને નિયમિતપણે ન્યુઝ લેટર વાંચવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો. ન્યુઝ લેટરના વિશિષ્ટ અંકમાં તિરુપુર ભંડારાને સમાવવામાં આવ્યો હતો, જે દરેક દ્વારા વખાણવામાં આવ્યો હતો.



# પ્રકાશનું કેંદ્ર

## તિનસુકિયા આશ્રમ, આસામ





### શુભારંભ:

તિનસુકિયા આશ્રમ જોકે નાનો છે, પણ ભારતમાં સૌથી જૂના આશ્રમોમાં તે ત્રીજા નંબરે આવે છે. તે ગૌહાતીથી ૪૮૦ કિ.મી. અને દિબ્રુગઢ એરપોર્ટથી એક કલાક દૂર છે. આસામના વ્યાપાર કેંદ્ર તરીકે તિનસુકિયા પ્રસિધ્ધ છે. તેની વસ્તીમાં મુખ્યત્વે આસામી, બંગાળી અને હિંદીભાષી લોકો છે.

સ્વ. ભાઈ કાશીરામ અગ્રવાલ, જેઓ મિશનના જોઈન્ટ સેક્રેટરી પણ હતા, તેઓ તિનસુકિયાના પ્રથમ અભ્યાસી હતા. અભ્યાસીઓની સંખ્યા વધવાથી શહેરની મધ્યમાં જ જૂનું ૩૫૦૦ ચો.ફૂટ વિસ્તારનું ગોદામ મેળવવામાં આવ્યું, જેની આસપાસ ૪૦૦૦ ચો. ફૂટની ખુલ્લી જગ્યા હતી. આશ્રમ સેન્ટ્રલ બસ ડિપોથી ખૂબ જ નજીક છે અને રેલ્વે સ્ટેશનથી ૩ કિ.મી. દૂર છે.

### પૂ.બાબૂજી મહારાજનું પ્રમુખ કાર્ય

પૂ.બાબૂજી મહારાજે ૧૯૬૧ માં તિનસુકિયાની મૂલાકાત લીધેલી. તે દિવસોમાં તેમણે રેલ્વેમાં પ્રવાસ કર્યો હતો અને બ્રહ્મપુત્રા નદીને હોડી દ્વારા ઓળંગીને તેઓ ભારતનાં ઉત્તર–પૂર્વનાં ખૂણે આવેલા આ કેંદ્ર પર પહોંચ્યા હતા. ત્યારબાદ તેમણે ૧૯૬૫, ૧૯૬૮, ૧૯૬૯, ૧૯૭૦, ૧૯૭૧, ૧૯૭૩, ૧૯૭૫ અને ૧૯૭૭ માં તેની મુલાકાત લીધેલી.

૨૫ નવેમ્બર, ૧૯૭૭ માં પૂ.બાબૂજીએ આ આશ્રમનું ઉદઘાટન કર્યું હતું અને ત્યારે દેશભરમાંથી અભ્યાસીઓ આવ્યા હતા. પ્રસંગોચિત ઉદબોધનમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે ''સહજમાર્ગમાં પ્રાણાહુતિની મહેંક આંતરિક અસ્તિત્વ ધરાવે છે પરંતુ જે પરિબળો પાછળ રહી જાય છે, તે છે, પ્રેમ અને નિષ્ઠા. ધ્યાનની સાથે સાથે આનો પણ સમાવેશ થવો જોઈએ. આમ કરવાથી સાધક લક્ષ ઉપર ખૂબ જલદીથી પહોંચી શકે છે, તેથી મારા માટે તે જરૂરી છે કે બધા પાસાઓને એકત્રિત કરવા ઉપર ભાર મૂકું.''

ચારીજી મહારાજ ૧૯૮૫, ૧૯૮૯ અને ૨૦૦૨ માં આ સેન્ટરની મુલાકાતે આવેલા. તેમની ૨૦૦૨ ની તિનસુકીયા અને દિગબોઈની મુલાકાત દરમિયાન દેશ– વિદેશથી ૭૦૦ અભ્યાસીઓએ આ કેંદ્રની મુલાકાત લીધી હતી. આશ્રમનો – રજત જયંતિ ઉત્સવ ૨૫ નવેમ્બર, ૨૦૦૨ માં ઉજવાયો હતો, જેમાં આસામ અને ઉત્તર–પૂર્વ વિસ્તારમાંથી ૨૦૦ અભ્યાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### નવીનીકરણ :

આશ્રમ એક માળનો છે, જેમાં માસ્ટરનો રૂમ, કિચન અને ભોજનકક્ષ છે તથા આસપાસ વિશાળ, લીલોછમ બગીચો છે. પૂ.માસ્ટરની પરવાનગીથી એક વધુ માળ બાંધવામાં આવ્યો હતો અને આશ્રમમાં સમારકામ કરવામાં આવ્યું હતું. સ્વયંસેવકોના સતત પ્રયાસો અને અભ્યાસીઓના ફાળાને લીધે કામ માત્ર ૧૮ માસમાં પૂર્ણ થઈ શક્યું







હતું. તેના પરિણામ સ્વરૂપે, પહેલા માળે, કોઈપણ થાંભલા વગરના, પૂરતા હવા–ઉજાસ સાથેના ૩૬૦૦ ચો.ફૂટના ધ્યાનકક્ષનું નિર્માણ થયું હતું. પૂ.માસ્ટરની પરવાનગી બાદ, આ નવી સુવિધા ૨જી ફેબ્રુઆરી ૨૦૧૧ થી ઉપલબ્ધ બની છે.

## પ્રવૃત્તિઓ :

હાલમાં ૧૨૫ અભ્યાસીઓ આ આશ્રમમાં રવિવારના સત્સંગમાં હાજર રહે છે. તિનસુકિયા કેંદ્રમાં યુવા પ્રવૃત્તિઓ ઉત્તરોત્તર વધી રહી છે. આશ્રમ વિવિધ પ્રવૃતિઓ માટે ઉપયોગમાં લેવાઈ રહ્યો છે જેવી કે અભ્યાસી પ્રશિક્ષિત કાર્યક્રમ, ઓપન હાઉસ વિગેરે. માત્ર તિનસુકિયા કેંદ્રના જ નહિં પરંતુ આસપાસનાં કેંદ્રોના કાર્યો, જેવાં કે અભ્યાસી ઓળખ પત્ર, પુસ્તક વિતરણ વગેરે પણ આ આશ્રમ સંભાળે છે.

આ કેંદ્ર મિશનનાં વિકાસમાં પ્રેરક રહ્યો છે. દિગબોઈ, દોમદુમા, નાહરકટીઆ, દિબ્રુગઢ, સિબસાગર, જોરહટ, નઝીરા, દુલીયાજાન, જાગુન અને ઉત્તર–લખીમપુર જેવા સેટેલાઈટ સેન્ટરો પણ અસ્તિત્વમાં આવ્યા છે. તિનસુકીયા આશ્રમ નાના કદનો હોવા છતાં, તે ભારતના ઉત્તર–પૂર્વ વિસ્તારમાં મિશનના વિકાસના શોભા સ્થાન તરીકે અગત્યની ભૂમિકા અદા કરી રહ્યો છે.








## પ્રશિક્ષક પ્રવાસ કાર્યક્રમ– દક્ષિણ કર્ણાટક



તા.૨૫ અને ૨૬ જૂન ૨૦૧૧ દરમિયાન દક્ષિણ કર્ણાટકનાં વિવિધ કેંદ્રો પર બે દિવસીય પ્રશિક્ષક પ્રવાસ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં બધા કેંદ્રોમાં એકસાથે વ્યકિતગત સીટીંગ, ગૃહ સભાઓ અને રવિવારના આખા દિવસ નો સત્સંગ કાર્યક્રમ સામેલ હતાં.

કાર્યક્રમ ૫૮ પ્રશિક્ષક તથા સ્વયંસેવકની સહાયથી ૩૨ કેંદ્રો પર સંપન્ન થયો. ૨૫ જૂનનાં રોજ કુલ ૩૦ હોમ ગેધરીંગ યોજાયા. સાધનાના વિવિધ પાસાઓની ચર્ચા અને વિગતવાર સમજણ અપાઈ. ઘણા લોકોએ સાધના શરૂ કરવાંની ઈચ્છા વ્યકત કરી.

૨૬ મી જૂનનાં રોજ આખા દિવસનાં સત્સંગનો પ્રારંભ ભંડારાની તૈયારી વિશેની ચર્ચાથી થયો. ત્યારબાદ પ્રશ્નોત્તર સત્ર યોજાયું. ચિઠ્ઠી ઉપાડી બોલવાનું સત્ર બહુ જ ઉત્સાહ સભર રહ્યું.

આ પહેલને આવકારવામાં આવી તેમજ તેની કદર કરવામાં આવી અને બધા સહભાગીઓએ પ્રશિક્ષકો સાથે તેમની શંકાઓના નિરાકરણ માટે અપાયેલી તક માટે ખુશાલી અભિવ્યકત કરી. જેઓએ પોતાની સેવા અર્પણ કરી, તે અભ્યાસીઓની પ્રતિબધ્ધતા અને સમર્પણથી આ કાર્યક્રમ સફળ થયો.

**To download or subscribe to this newsletter, please visit http://www.sahajmarg.org/newsletter/india For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org**

© 2011 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved. "Shri Ram Chandra Mission", "Sahaj Marg", "SRCM", "Constant Remembrance" and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.This Newsletter is intended exclusively for the members of SRCM. The views expressed in the various articles are provided by various volunteers and are not necessarily those of SRCM.